અપીલ અરજી નં.૧૦૭ તા.૨૧–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી બચુભાઈ ઠાકોરભાઈ જરીવાળા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી બચુભાઈ ઠાકોરભાઈ જરીવાળાની તા.૨૬–૫–૧૦ ની અરજીથી સૈયદપુરા માર્કેટ વિસ્તારના કચરા કન્ટેઈનરમાં કાપેલી મરઘીના નકામાં દુર્ગંધ ફેલાવતા અંગ ઉપાંગો અવશેષો અહીંના મરઘીનાં ધંધાર્થીઓ અને દુકાનદારો નાંખતાં બંધ કરવા તથા તેમનાં આરોગ્યના, ગુમાસ્તાના, મરઘી કાપવાના રજીસ્ટ્રેશનનાં અને વ્યવસાયના કાયદેસરનાં પરવાના દસ્તાવેજો અંગેની મુદ્દા નં.૧ થી ૯ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૧–૬–૧૦ ની **SMC/FAP/** નં.૧૦૭/૨૦૧૦–૧૧

શ્રી બચુભાઈ ઠાકોરભાઈ જરીવાળાની તા.૨૬–૫–૧૦ નીઅરજીથી સૈયદપુરા માર્કેટ વિસ્તારના કચરા કન્ટેઈનરમાં કાપેલી મરઘીના નકામાં દુર્ગંધ ફેલાવતા અંગ ઉપાંગો અવશેષો અહીંના મરઘીનાં ધંધાર્થીઓ અને દુકાનદારો નાંખતાં બંધ કરવા તથા તેમનાં આરોગ્યના, ગુમાસ્તાના, મરઘી કાપવાના રજીસ્ટ્રેશનનાં અને વ્યવસાયના કાયદેસરનાં પરવાના દસ્તાવેજો અંગેની મુદ્દા નં.૧ થી ૯ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૩૮૯ તા.૧૬–૬–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૦૩ તા.૨૮–૬–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલમાં જણાવ્યા મુજબ તા.૧૯–૫ તથા ૨૧–૫–૧૦ ની અરજીની સ્વીકૃતિ સહિતની નકલ અત્રેની કચેરીને મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સી.ઝેડ/આરટીઆઈ/૫૩૮ તા.૧૯–૭–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલ માહિતી અંગેના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૮૯ તા.૧૬–૬–૧૦ ના પત્રની નકલ તથા તા.૧૦–૭–૧૦ ના રોજ વોર્ડ નં.૧૨ સૈયદપુરા માર્કેટની સાફ સફાઈ અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૩–૭–૧૦ ના રોજ બીજી અપીલ સાથે પૂરક વિગતો માંગતા પત્રમાં તા.૧૯–૫ તથા તા.૨૧–૫–૧૦ ની અરજી અને સ્વીકૃતિ બાબતે કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૬–૫–૧૦ ની અરજીથી સૈયદપુરા માર્કેટ વિસ્તારની કચરા કન્ટેઈનરમાં કાપેલી મરઘીના નકામા દુર્ગંધ ફેલાવતા અંગ ઉપાંગો અવશેષો અહીંના મરઘીના ધંધાર્થીઓ અને દુકાનદારો નાંખતા બંધ કરવા તથા તેમના આરોગ્યના ગુમાસ્તાના મરઘી કાપવાના રજીસ્ટ્રેશનના અને વ્યવસાયના કાયદેસરના પરવાના દસ્તાવેજ અંગેની મુદ્દા નં.૧ થી ૯ ની નકલો માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) વોર્ડ નં.૧૨ સૈયદપુરા માર્કેટની પે એન્ડ યુઝ લેવનટરીની પાસેની કચરો કન્ટેઈનરમાં અહીંના ધંધાર્થી અને દુકાનદારો ધ્વારા કાપેલી મરઘીના અંગ ઉપાંગો દુર્ગંધ મારતા અવશેષો નાંખતા બંધ કરવાની અને કચરા કન્ટેઈનરની સાફ સફાઈ અંગેની માહિતીની નકલો. મુદ્દા નં.(૨) મરઘીના નકામા દુર્ગંધ મારતા અવશેષો સદર કચરા કન્ટેઈનરમાં નાંખી દુર્ગંધ અને ગંદકી અહીંના મરઘીના ધંધાર્થીઓ અને દુકાનદારો ગેરકાયદેસર કરતાં હોવાથી બીપીએમસી એકટ અન્વયે દંડ વસુલવા યા મરઘી કાપવાના પરવાના રદ કરવાના યા એસએમસીની કોર્ટમાં મેમો આપવા અંગેની માહિતીન નકલો. મુદૃા નં.(૩) આરોગ્ય નિરીક્ષકો વોર્ડ નં.૧૨ ના સદર કચરા કન્ટેઈનરની સાફ સફાઈની દેખરેખ માટે રાઉન્ડ કયારે અને કેટલીવાર મારે છે જે અંગેની માહિતીની નકલ મુદ્દા નં.(૪) આરોગ્ય અધિકારી મધ્યસ્થ કચેરીની એ.સી ચેમ્બર્સમાં આરામ કરે છે અને તેમની હાથ નીચેના નાયબ આરોગ્ય અધિકારી અને નિરીક્ષકો સદર કન્ટેઈનર તરફ દુર્લક્ષ સેવી રહયા હોય છે જે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૫) સૈયદપુરા

માર્કેટ વિસ્તારમાં મરઘીના ધંધાર્થીઓ અને દુકાનદારો સૈયદપુરા માર્કેટના સદર કચરા કન્ટેઈનરના ચાલુ માર્કેટના સમય દરમ્યાન ખુલ્લેઆમ કાપેલી મરઘીના નકામા અંગ ઉપાંગોના દુર્ગંધ મારતા અવશેષો નાંખી જતા રહે છે અને અહીંયા કુતરાના ઝુંડ તેમજ કાપેલી મરઘીના નકામા અંગ ઉપાંગો દુર્ગંધ મારતા અવશેષો સૈયદપુરા વિસ્તારમાં ખેંચી લાવી માર્કેટમાં વેર વિખેર કરી આરોગીને બાકીના દુર્ગંધ મારતા અવશેષો ત્યાં જ પડતા મુકી જતા રહે છે. આ અંગે બીપીએમસી એકટ અન્વયે મરઘીના ધંધાર્થીઓ અને દુકાનદારો વિરુધ્ધ ગંદકી ફેલાવતા હોય બીપીએમસી એકટ મુજબ સખતમાં સખત કાર્યવાહી અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.૬ સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં કચરા કન્ટેઈનર ઉપાડવાનો સમય અને મુકવાનો સમય લખવામાં આવતા નથી. તો તે અંગેની તથા દર બે દિવસે કન્ટેઈનર ઉપાડવામાં આવે છે. ત્યારે ફકત કચરો કન્ટેઈનર ઉપાડવા આવે છે તેની બહાર પડેલ કાપેલી મરઘીના દુર્ગંધ મારતા અવશેષો કચરા કન્ટેઈનર માં નાંખવામાં આવતા નથી અર્ધે નકામો કચરો તેજ જગ્યાએ પડી રહે છે જે અંગેની માહિતીની નકલો. મુદ્દા નં.(૭) આરોગ્યના ફુડ ઈન્સ્પેકટરો કર્મચારીઓ આવે છે આરોગ્યના લાયસન્સ સૈયદપુરા માર્કેટના ધંધાર્થીઓ અને દુકાનદારો પાસે હોય કે ન હોય મરેલી મરઘી કાપેલી છે કે જીવતી દુકાનની આગળ જ મરઘી કાપવામાં આવે છે અને સમારવામાં આવે છે. દુકાન આગળ પડદો બાંધે છે કે નહીં દુકાનની ગંદકી, દુર્ગંધ તરફ ધ્યાન આપવામાં આવતું નથી ફકત પોતાનો હપ્તો ઉઘરાવી જતા રહે છે. જે અંગેની માહિતીની નકલ. મુદ્દા નં.(૮) અમો અરજદારની અન્યોની સહી સાથેની તા.૧૯–૫–૧૦ ની કમિશ્નરશ્રીને ઉદ્દેશીને લખેલી અરજી અને તા.૨૧–૫–૧૦ ના રોજ આરોગ્ય અધિકારીને સાદર નકલ આ કરતી અરજી અંગેની કાયદેસરની કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતીની નકલો. મુદ્દા નં.(૯) સૈયદપુરા માર્કેટ વિસ્તારમાં મરઘીના ધંધાર્થીઓ અને દુકાનદારો રજીસ્ટરો, આરોગ્યના, ગુમાસ્તાના , વ્યવસાયવેરામાં મરઘી કાપવાના વિગેરેના પરવાના લાયસન્સ ની માહિતીની નકલો. આમ અરજદારે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી દફતરી રેકર્ડ જોતાં ઉપલબ્ધ નથી. મુદ્દા નં.૯ ની માહિતીમાં ગુમાસ્તાધારા લાયસન્સ ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીસમેન્ટ રૂલ્સ ૧૯૬૩ ના નિયમ–૬ અથવા નિયમ–૮ માં જણાવ્યા મુજબ બીજી નકલ મેળવવા જરૂરી ફી ભરી અરજી કરી નકલ મેળવવાની હોય છે. જેમાં સંસ્થાના માલિકને બીજી નકલ કાઢી આપવા જણાવેલ છે. જેથી ગુમાસ્તાધારા લાયસન્સની નકલ આપી શકાય નહીં પરંતુ સ ેન્ટ્રલઝોન કચેરીના દફતરી રેકર્ડ જોતાં ગુમાસ્તાધારા લાયસન્સની તથા વ્યવાસવેરાની માહિતી (એ)(૧) સંસ્થાનું નામઃ– મુકદર ચીકન સેન્ટર (૨) માલિકનું નામ :– જમીલ નૂર મહંમદ ચીચી (૩) કામકાજનો પ્રકાર :– જીવીત મરઘી અને મટન મરઘીનું તેમજ ઈંડા વેચનાર (૪) સંસ્થાનું નામઃ– ૧૨/૨૪૧૦, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત (૫) નોંધણી પ્ર માણપત્ર નં.:– સીઝેડ/ એસ/૧૨/૨૧૩૫૫૦ (૬) નોંધણી તારીખઃ– તા.૨૫–૬–૦૮ (બી)(૧) સંસ્થાનું નામઃ– સંજરી ચીકન એન્ડ એગ્સ સેન્ટર (૨) માલિકનું નામઃ– સૈયદ મેહબુબ હુસેન સૈયદ હુસેન મીયાં (૩) કામકાજનો પ્રકારઃ– ચીકન થતા ઈંડાનું વેચાણકેન્દ્ર (૪) સંસ્થાનું સરનામું :– ૧૨/૨૪૨૦, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં. સીઝેડ/એસ/૧૨/૧૯૪૦ (૬) નોંધણી તારીખઃ–તા.૩–૧–૮૪ (સી) )(૧) સંસ્થાનું નામઃ– સપના ચીકન એન્ડ એગ્સ સેન્ટર (૨) માલિકનું નામઃ– શાકીરખાન વાહીદખાન જરીવાલા (૩) કામકાજનો પ્રકારઃ– મરઘી ઈંડા વેચાણ( ૪) સંસ્થાનું સરનામું :– ૧૨/૨૪૨૦, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં. સીઝેડ/એસ/૧૨/ ૨૫૮૮ (૬) નોંધણી તારીખઃ– તા.૪–૩–૮૯ (ડી) (૧) સંસ્થાનું નામઃ– ધી બેસ્ટ ચીકન સ્ટોર્સ(૨) માલિકનું નામઃ– બીલાલ અબ્દુલ કરીમ મલેક (૩) કામકાજનો પ્રકારઃ– મરઘી અને ઈંડાનું વેચાણ (૪) સંસ્થાનું સરનામું :– ૧૨/૨૩૯૧, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં. સીઝેડ/એસ/૧૨/૨૫૯૩ (૬) નોંધણી તારીખઃ– તા.૯–૩–૮૯ (ઈ)(૧) સંસ્થાનું નામઃ– બેસ્ટ ચીકન સેન્ટર (૨) માલિકનું નામઃ– મોહંમદ ઐયુબ અબ્દુલ રહેમાન બોટાવાલા (૩) કામકાજનો પ્રકારઃ–ઈંડા મરઘી લાવી વેચાણ (૪) સંસ્થાનું સરનામું :– ૧૨/૨૩૯૧, સૈયદપુરા માર્કેટ, ગાયત્રી ચેમ્બર્સ, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં. સીઝેડ/એસ/૧૨/૩૩૧૪ (૬) નોંધણી તારીખઃ– તા.૧ ૭–૫–૯૯ (એફ)(૧) સંસ્થાનું નામઃ– એકતા ચીકન સેન્ટર (૨) માલિકનું નામઃ– શ્રી મણીલાલ ખુશાલદાસ કહાર (૩) કામકાજનો પ્રકારઃ–જીવતી મરઘી , મરઘીનું મટન, ઈંડા તથા ઠંડા પીણાનું વેચાણ (૪) સંસ્થાનું સરનામું :– ૧૨/ ૨ ૪૦૯, મટન માર્કેટ સામે, સૈયદપુરા, સુરત. (૫) નોંધણી પ્રમાણપત્ર નં. સીઝેડ/એસ/૧૨/૩૩૬૦ (૬) નોંધણી તારીખઃ– તા.૨૭–૧૦–૯૯ ઉપરોકત દર્શાવેલ સંસ્થાઓ ધ્વારા વ્યવસાય વેરો ભરપાઈ કરવામાં આવેલ ન હોવાનું માલુમ પડેલ છે તેવું જણાવેલ છે. જે બાબતેઅરજદારે તા.૨૧–૬–૧૦ ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે ફકત મુદ્દા નં.૯ ની માહિતી પણ અપૂરતી આપેલ છે તેવું જણાવી અપીલ અરજી કરેલ છે.

જે બાબતે અરજદારને મુદ્દા નં.૧ થી ૮ માં જાહેર માહિતી અધિકારી તરફથી રેકર્ડ જોતાં તે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જયારે મુદ્દા નં.૯ માં ગુમાસ્તાધારા લાયસન્સ અને વ્યસાયવેરો ભરપાઈ કરવા અંગેની માહિતી પૂરી પાડેલ છે. પૂરક માહિતીમાં મુદ્દા નં.૯(એ) માં ગુમાસ્તા લાયસન્સ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી રીન્યુ સદર સંસ્થાના માલિક ધ્વારા વ્યવસાયવેરા નોંધણી પ્રમાણપત્ર નં.પીઈસી–૦૩સીઝેડ–૭૯૦૭૦ વર્ષ ૨૦૧૦–૧૧ સુધી વ્યવસાયવેરો ભરપાઈ કરેલ છે. મુદ્દા નં.૯(બી) માં ગુમાસ્તા લાયસન્સ તા.૩૧–૧૨–૨૦૧૨ સુધી રીન્યુ મુદ્દા નં.૯(સી) માં ગુમાસ્તા લાયસન્સ તા.૩૧–૧૨–૨૦૧૨ સુધી રીન્ય. મુદ્દા નં.૯(ડી) માં ગુમાસ્તા લાયસન્સ તા.૩૧–૧૨–૨૦૧૦ સુધી રીન્યુ મુદ્દા નં.૯(ઈ) માં ગુમાસ્તા લાયસન્સ તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી રીન્યુ કરાવેલ છે. આમ અરજદારને ગુમાસ્તા લાયસન્સની વિગતો તથા નકલ અંગેની માહિતી જણાવવામાં આવેલ છે. પરંતુ તમામના આરોગ્ય લાયસન્સની માહિતી પૂરી પાડેલ નથી. જયારે અન્ય પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી તરફથી હકીકતલક્ષી માહિતીમાં જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૭–૧૦ ના રોજ કચરાપેટી વોર્ડ નં.૧૨ ના માણસો ધ્વારા સવાર સાંજ નિયમિત સાફ સફાઈ કરી દવા નાંખવામાં આવે છે તે અંગે ત્યાંના સ્થાનિક વેપારીઓની સહી લીધેલ નકલ અત્રે રજૂ કરેલ છે. જયારે અરજદારે અપીલ અરજીમાં તા.૧૯–૫–૧૦ અને તા.૨૧–૫–૧૦ ની અરજીની કાર્યવાહી અંગે માહિતી માંગવામાં આવેલ છે . જે બાબતે અરજદારે અપીલ તબકકે નકલો રજૂ કરવા જણાવેલ. પરંતુ અરજદાર તેમ કરવામાં નિષ્ફળ રહેલ છે. જે અરજી બાબતે થયેલી કાર્યવાહીની વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ તા.૧૯–૫–૧૦ ની અરજીના સંદર્ભે પે એન્ડ યુઝ પાસ રાખવામાં આવેલ કચરાના કન્ટેઈનરની સાફ સફાઈ આરોગ્ય વોર્ડ ઓફિસથી નિયમિત ધોરણે સવાર સાંજ સઘન સફાઈ કરાવી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે છે. વધુમાં કચરા ઈન્ટેઈનર મરઘી વિગેરેના અવશેષો નાંખતા ચીકનના દુકાનદારોને વખતોવખત નોટીસ આપવામાં આવે છે. તેમજ તેમની પાસે વહીવટી ખર્ચ પણ વસુલ લેવામાં આવે છે. કન્ટેઈનર ઉપાડવાનો સમય ૧૧.૩૦ થી ૧૨.૦૦ કલાક રાખવામાં આવેલ છે. માર્કેટ વિસ્તારની સાફ સફાઈ નિયમિત ધોરણે રોજ બરોજ કરવામાં આવે છે. તા.૭–૭–૧૦ ના રોજ ન્યુસન્સ કરતાં ૧૨ જેટલા ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે તથા ૫ જેટલા ઈસમો પાસે ૫૦૦/– દંડ લેવામાં આવેલ છે તેવું નોંધ વિભાગના રીપોર્ટમાં જણાવેલ છે. અરજદારની મુદ્દા નં.૧ થી ૮ પૈકીમાં સંસ્થાઓને સાફ સફાઈ અને ગંદકી બાબતે કે અન્ય નિયમના ભંગ બાબતે દંડ કર્યા હોય પરવાના રદ કર્યા હોય, મેમો આપેલ હોય કે કાર્યવાહી કરેલ હોય તેવી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હકીકતલક્ષી દફતરી ઉપલબ્ધ વિગતો પૂરક માહિતીમાં જણાવ્યાનુસાર અરજદારને પૂરી પાડેલ જણાતી નથી. અરજદારે માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૩ તથા ૯ સિવાયની વિગતો ફરીયાદની રજૂઆત તથા કાર્યવાહી હાથ ધરવાને લગતી જણાય છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં તા.૧૯–૫–૧૦ ની અરજી અંગે કાર્યવાહી કર્યાનું જણાયેલ છે. પરંતુ તેની વિગતો અરજદારને પૂરી પાડેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૬–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૯ પૈકી ની ફરીયાદ હકીકતમાં જણાવેલ વિગતે મુદ્દા નં.૩ ની નહીં પૂરી પડાયેલ તથા અરજદારની તા.૧૯–૫–૧૦ ની અરજી અંગે કરેલ કાર્યવાહીની દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. ફરીયાદલક્ષી રજૂઆત અંગે કાર્યવાહી હાથ ધરવા સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી બચુભાઈ ઠાકોરભાઈ જરીવાળા,